## તા.૦૫/૦૩/૨૦૨૬

# બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર આખરી પરીણામ (Final Result)

જાહેરાત ક્રમાંકઃ GPRB/202324/1 અન્વયે બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટરની કામચલાઉ અને હંગામી પસંદગી યાદી તથા પ્રતિક્ષાયાદી તા.૨૩/૦૨/૨૦૨૬ નારોજ વેબસાઇટ ઉપર બહાર પાડવામાં આવેલ.

૨/ બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટરની કામચલાઉ અને હંગામી પસંદગી યાદી તથા પ્રતિક્ષાયાદી અંગે જો કોઇ રજુઆત હોય તો ઉમેદવાર તા.૨૮.૦૨.૨૦૨૬ ના સાંજના કલાકઃ ૧૭.૩૦ વાગ્યા સુધીમાં ભરતી બોર્ડની કચેરી, બંગલા નં.ગ-૧૨, સરિતા ઉદ્યાન નજીક, સેકટર-૦૯, ગાંધીનગર-૩૮૨૦૦૭ મુકામે જરૂરી આધાર પુરાવા સહિત અરજી કરવા જણાવેલ.

૩/ તા.૨૮.૦૨.૨૦૨૬ સુધીમાં ભરતી બોર્ડ ખાતે મળેલ રજુઆતો ધ્યાને લેતા નીચે જણાવ્યા મુજબના સુધારા કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

| ક્રમ | દસ્તાવેજ ચકાસણી રોલ નંબર | ઉમેદવારનું નામ | રિમાર્કસ |
|---|---|---|---|
| 1 | 10000776 | DIPALI GOVINDBHAI JAMBUKIYA | રમતગમતના ગુણ ઉમેરવામાં આવેલ છે. |
| 2 | 10000901 | JAYDIP JAYENDRAKUMAR JOSHI | શરતચુકથી આપવામાં આવેલ રમતગમતના ગુણ રદ્દ કરવામાં આવેલ છે. |
| 3 | 10000016 | HIMANSHUKUMAR VAJESHINH RATHVA | વિભાગીય વિશ્લેષણ સમિતી, વડોદરાના તા.૨૩.૦૨.૨૦૨૬ના પત્ર ક્રમાંકઃ વિ.વિ.સ./૨૦૨૬/૮૦૩ અન્વયે જાતિ પ્રમાણપત્ર અમાન્ય (રદ્દ) કરવામાં આવેલ હોવાથી ST ઉમેદવાર તરીકે માન્ય થતા નથી. |
| 4 | 10001025 | NIYATI DHIRAJLAL DHADUK | હંગામી પ્રતિક્ષાયાદીમાં સામાન્ય કેટેગીરીના મહિલા ઉમેદવારોનું કટઓફ ૨૧૦.૭૫ દર્શાવેલ છે. જેને ધ્યાને લેતા દસ્તાવેજ ચકાસણીના કટઓફ ૨૧૧.૭૫ હોવાના કારણે ૨૧૦.૭૫ થી ૨૧૧.૭૫ સુધીના સામાન્ય કેટેગીરીના બાકી રહેલ કુલ-૨ (બે) મહિલા ઉમેદવારોની તા.૨૮.૦૨.૨૦૨૬ નારોજ દસ્તાવેજ ચકાસણી કરી મેરીટ યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે. |
| 5 | 10001024 | BHAVNA UDAYRAM VYAS | |

૪/ ઉપરોકત વિગતો ધ્યાને લઇ બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટરની આખરી પસંદગી યાદી (Final Selection List) તથા પ્રતિક્ષાયાદી (Waiting List) નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

(A) **આખરી પસંદગી યાદીમાં** સમાવેશ થયેલ ઉમેદવારોની માહિતી જોવા માટે અહીં કલીક કરો...

(B) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૭/૦૭/૨૦૧૮ તથા તા.૧૦/૧૨/૨૦૧૮ ના સરખા ઠરાવ ક્રમાંકઃ પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ.૨ માં જણાવ્યા મુજબ **પ્રતિક્ષા યાદીમાં** સમાવેશ થયેલ ઉમેદવારોની માહિતી જોવા માટે અહીં કલીક કરો....

(C) **આખરી પસંદગી યાદી તેમજ પ્રતિક્ષા યાદીમાં સમાવેશ થયેલ ન હોય તેવા** ઉમેદવારોની માહિતી જોવા માટે અહીં કલીક કરો...

૫/ પસંદગી યાદી તથા પ્રતિક્ષાયાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારોની આગળની કાર્યવાહી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, પોલીસ ભવન, ગાંધીનગર નાઓ દ્વારા કરવાની રહેતી હોવાથી પસંદગી યાદી તથા પ્રતિક્ષાયાદીને લગત રેકર્ડ તેઓશ્રી તરફ મોકલી આપવામાં આવે છે.

૬/ જાતિ અંગેના પ્રમાણપત્રમાં SEBC ઉમેદવારોના કિસ્સામાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને ST ઉમેદવારોના કિસ્સામાં આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા વેરીફીકેશન કામગીરીની પ્રક્રિયા હાલ ચાલુ છે.

ઉપરોકત જાહેર કરેલ પસંદગી યાદી તથા પ્રતિક્ષાયાદીમાં જે ઉમેદવારોની જાતિ અંગેના પ્રમાણપત્રોની ચકાસણી બાકીમાં છે તે ઉમેદવારોના સંબંધિત વિભાગ દ્વારા આ પ્રમાણપત્ર માન્ય કે અમાન્ય ગણવા નિર્ણય કરવામાં આવ્યેથી તેઓને તે કેટેગરીનો લાભ મળવાપાત્ર છે કે કેમ? તે અંગે આગળની કાર્યવાહી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી દ્વારા કરવામાં આવશે.

- જાતિ અંગેના પ્રમાણપત્રોની ચકાસણી બાકીમાં છે તેવા ઉમેદવારોની માહિતી જોવા માટે અહીં કલીક કરો...............

૭/ આ આખરી પસંદગી યાદીમાં કટઓફ નીચે મુજબ છે.

| Category | MALE | FEMALE | Ex-serviceman (જે તે કેટેગરીના છેલ્લા માજી સૈનિક ઉમેદવારના ગુણ) |
|---|---|---|---|
| GENERAL | 229.75 | 216.25 | 128.25 |
| EWS | 227.75 | 211.25 | 135.00 |
| SC | 221.75 | 209.25 | 154.00 |
| SEBC | 225.25 | 211.25 | 166.50 |
| ST | 206.00 | 189.25 | - |

૮/ આ પ્રતિક્ષા યાદીમાં કટઓફ નીચે મુજબ છે.

| Category | MALE | FEMALE | Ex-serviceman |
|---|---|---|---|
| GENERAL | 225.75 | 211.00 | - |
| EWS | 225.25 | 209.75 | - |
| SC | 220.00 | 208.75 | - |
| SEBC | 224.50 | 210.00 | - |
| ST | 204.75 | 187.75 | - |

૯/ આ પસંદગી યાદી તેમજ પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટરની **ખાલી જગ્યાઓ ધ્યાને લઇ મેરીટ મુજબ પસંદગી યાદી તૈયાર** કરતી વખતે બે કે તેથી વધારે ઉમેદવારોના સમાન ગુણ હોય ત્યારે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(A) તેવા કિસ્સામાં ઉમેદવારોની જન્મ તારીખ ધ્યાને લેવામાં આવેલ છે, જન્મ તારીખ પ્રમાણે વધુ ઉંમરવાળા ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવેલ છે.

(B) જો ગુણ અને જન્મ તારીખ બંન્ને સમાન હોય ત્યારે ઉમેદવારોની ઉંચાઇ ધ્યાને લેવામાં આવેલ છે, જે ઉમેદવારની ઉંચાઇ વધુ છે તે ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવેલ છે.

૧૦/ ભરતી પ્રક્રિયા દરમ્યાન કોઇપણ ઉમેદવાર ગેરલાયક હોવા છતાં તેમને યાંત્રિક, ક્લેરીકલ અથવા બીજી કોઇપણ ભૂલના લીધે લાયક ગણવામાં આવેલ હશે અગર પસંદ કરવામાં આવેલ હશે, તો કોઈપણ તબક્કે તે રદ થવાપાત્ર રહેશે. જે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

૧૧/ સરકારશ્રી / નામદાર કોર્ટ તરફથી વખતો વખત જે ચૂકાદો/ નિર્ણય આવશે તે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.